# રૂપિયો ૬૩.૧૩ની રેકોર્ડ નીચી સપાટીએ

નવી દિલ્હી,તા. ૧૯

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો પર વધુ બોજ ઝીંકાય તેવા સંકેત સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. ડોલર સામે રૂપિયામાં થઈ રહેલી પડતીને રોકવામાં આરબીઆઈ અને સરકારના પગલા બિનઅસરકારક દેખાઈ રહ્યા છે. આજે પણ રૂપિયો નવી નીચી ઓલ ટાઈમ સપાટી પર પહોંચ્યો હતો. કારોબારના અંતે રૂપિયો અગાઉના બંધ આંક ૬૧.૬૫ની સામે ૬૩.૧૩ની રેકોર્ડ નીચી સપાટીએ બંધ રહ્યો હતો. રૂપિયામાં ઘટાડો જારી રહેતા પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં પણ ભાવ વધારો થવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. કોઈ પણ સમયે હવે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરાશે. મળી રહેલા સંકેત મુજબ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ક્રમશઃ લિટરદીઠ ૧.૫૦થી ૨ અને ૫૦ પૈસાથી એક રૂપિયાનો વધારો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં પણ વધારો થઈ શકે છે જેમાં આયાતી ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. રૂપિયાને સ્થિર કરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. છેલ્લા બે સપ્તાહથી રૂપિયો નવી નીચી સપાટી બનાવી રહ્યો છે. વર્તમાન ખાતાકીય ખાદ્યને અંકુશમાં લેવા અને આર્થિક વિકાસમાં તેજી લાવવા માટે હાલમાં ઘણા બધા પગલા લેવામા આવ્યા છે પરંતુ એની કોઈ અસર દેખાઈ રહી નથી.



અત્રે ઉલ્લેખનીય છે કે ડૉલર સામે રૂપિયામાં ઘટાડાનો દોર યથાવત્ રીતે જારી રહ્યો છે. રૂપિયો આજે સવારે ઘટીને રેકોર્ડ ૬૨.૪૦ના નીચા સ્તરે પહોંચી ગયો હતો. શુક્રવારના દિવસે રૂપિયો ૬૧.૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો. રિઝર્વ બેંક અને સરકાર પાસેથી વધુ પગલાંની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આરબીઆઈએ ૧૪મી ઓગસ્ટના દિવસે કઠોર પગલા જાહેર કર્યા હતા જેથી રોકાણકારો પણ હચમચી ઉઠ્યા હતા. વિદેશમાં રોકાણ કરવાથી ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. શુક્રવારના દિવસે સેન્સેક્સમાં ૭૬૯ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જે ચાર વર્ષમાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો હતો. હવે એવી દહેશત સતાવી રહી છે કે વધુ પગલાની જાહેરાત કરવામાં આવનાર છે. અમેરિકામાં પણ હાલ ઉતારચઢાવની સ્થિતિ છે. એફઆઈઆઈમાં વેચવાલીથી મૂડીરોકાણકારોની સંપત્તિમાં એકલાખ કરોડનું ધોવાણ થયુ છે. શેર બજારમાં અને રૂપિયામાં હાલ ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. એફઆઈઆઈ દ્વારા બેંક, ઓટો, ફાર્મા અને એફએમસીજીમાં મોટા પાયે વેચવાલી જારી રાખી છે જેના લીધે મૂડીરોકાણકારોની સંપત્તિમાં જંગી ધોવાણ થયુ છે. બેંકિંગ શેરોને સૌથી માઠી અસર થઈ છે. રૂપિયામાં ઘટાડાને અંકુશમાં લેવા માટે આવનાર દિવસોમાં કયા પગલા લેવાશે તેને લઈને નિષ્ણાંતોમાં ભારે ચર્ચા છે. કારોબારીઓનું કહેવું છે કે ડ્યુટી માળખામાં ફેરફાર થઈ શકે છે. આરબીઆઈ સ્પેશિયલ વિન્ડો મારફતે ડોલરની ખરીદી કરવા ઓઈલ કંપનીઓને મંજુરી આપી શકે છે આ ઉપરાંત ઓઈલ કંપનીઓને પેટ્રોલ અને ડિઝલ કિંમતમાં વધારો કરવા મંજુરી આપી શકે છે. રૂપિયો ઘટતા ઓઈલ કંપનીઓને નુકસાનનો આંકડો ફરી વધવાની શરૂઆત થઈ છે જેને અંકુશમાં લેવા ભાવ વધારો જરૂરી બન્યો છે.

# બિહારમાં ટ્રેન દુર્ઘટનામાં ૩૭ શ્રદ્ધાળુનાં મોત

**ધમારાઘાટ ખાતે બનાવ બન્યો : શ્રદ્ધાળુ નજીકના મંદિરમાં જળાભિષેક માટે ટ્રેક પાર કરીને જઈ રહ્યા હતા**

પટના,તા. ૧૯

બિહારના ખગડિયા જિલ્લામાં કમકમાટીપૂર્ણ ઘટના બની છે. ખગડિયા જિલ્લામાં રાજયરાની એક્સપ્રેસ નીચે આવીને કપાઈ જવાથી ૩૫ લોકોના મોત થઈ ગયા છે. આ ઘટના સમસ્તીપુર રેલવે ડિવિઝનના ધમારાઘાટ નજીક બની છે. બિહારમાં ધમારાઘાટ ખાતે સહરસા-પટના રાજયરાની એક્સપ્રેસના સંકંજામાં આ ટ્રેન આવી ગઈ હતી. બનાવ બાદ સ્થિતિ ખૂબ જ વિસ્ફોટક બની ગઈ હતી. નારાજ લોકોએ ભારે તોડફોડ મચાવી હતી. રાજયરાની એક્સપ્રેસ ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. નારાજ ટોળાએ એક્સપ્રેસ ટ્રેનના અનેક ડબ્બાને આગ ચાંપી દીધી હતી. રેલવે સ્ટેશન ઉપર પણ તોડફોડ કરી હતી. સરકારી સંપત્તિ ઉપર પણ નુકસાન પહોંચાડ્યું હતું. આટલા મોટા બનાવ માટે રેલવે રાજ્ય પ્રધાન અધીર રંજન ચૌધરીએ રાજ્ય વહીવટી તંત્રને જવાબદાર ઠેરવીને દોષારોપણ કર્યા છે. ૩૫ના મોતના અહેવાલને ખગડિયાના સાંસદ દિનેશચંદ્ર યાદવે સમર્થન આપ્યું છે. લોકો ટ્રેક પાર કરીને મંદિર તરફ જઈ રહ્યા હતા. ધમારાઘાટ એક નાનકડા સ્ટેશન તરીકે છે. અહીં રાજ્યરાની એક્સપ્રેસ ટ્રેન રોકાતી નથી. ટ્રેનની



ઝડપ ખૂબ વધારે હતી. એમ માનવામાં આવે છે કે બનાવ વખતે ટ્રેન ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી રહી હતી. એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ એસકે ભારદ્વાજે કહ્યુ છેકે ૩૫ના મોત થઈ ચુક્યા છે. બીજી બાજુ રેલવે બોર્ડના ચેરમેન અરૂણેન્દ્ર કુમારે કહ્યુ છેકે આ વિસ્તારમાંથી ટ્રેનને પસાર થવાની લીલીઝંડી આપવામાં આવી હતી. ટ્રેનને ધમારા ઘાટ ખાતે રોકવામાં આવનાર ન હતી. પરંતુ શ્રદ્ધાળુઓ એમ માની રહ્યા હતા કે ટ્રેનને રોકવામાં આવશે જેથી ટ્રેન પરથી દૂર થયા ન હતા. એક્સપ્રેસ ટ્રેનના બંને ડ્રાઈવરો રાજા રામ પાસવાન અને સુશીલકુમાર સુમનને આ અંગે કોઈ પણ પ્રકારની જાણ ન હતી. તેમના મોબાઈલ ફોન સ્વીચ ઓફ થયેલા હતા. ટ્રેક પર યાત્રીઓ ગેરકાયદેરીતે ફરી રહ્યા હતા જેથી આ કેસ યાત્રીઓની બેદરકારી માટેનો છે.

અહીં ઘટનાસ્થળ નજીક કાત્યાની મંદિર પણ છે. જેથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જમા હતા. સોમવારે શ્રદ્ધાળુઓ જળઅભિષેક માટે જઈ રહ્યા હતા. આ લોકો ટ્રેનની નીચે આવીને કચડાઈ મર્યાના અહેવાલ મળ્યા છે. મોટાભાગના શ્રદ્ધાળુઓ હોવાનું જાણવા મળ્યું છે. બિહારમાં આ ઘટના બન્યા બાદ ભારે ચકચાર મચી ગઈ છે. ભોગ બનેલા મોટાભાગના લોકો ભગવાન શિવના શ્રદ્ધાળુઓ હતા અને કાવડિયા હતા. આ લોકો સ્ટેશન ખાતે રેલવે ટ્રેક ઉપર ઊભા હતા. એ જ વેળા પૂર્વ મધ્ય રેલવેના સમસ્તીપુર ડિવિઝન હેઠળના સ્ટેશન પર રાજરાણી એક્સપ્રેસ નીચે આવીને કપાઈ ગયા હતા. ૧૨ લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. પૂરઝડપે પસાર થતી ટ્રેનની નીચે આ શ્રદ્ધાળુઓ આવી ગયા હતા. ભામારા સ્ટેશન ખાતે આ બનાવ બન્યો હતો જે સમસ્તીપુર ડિવિઝનના સહરસા-માનસી સેક્સન વચ્ચે આવે છે. બનાવ બન્યા બાદ સ્થાનિક લોકોમાં નારાજગીનું મોજું ફળી વળ્યું હતું અને એક્સપ્રેસ ટ્રેન ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. બનાવ બન્યા બાદ રાજરાની એક્સપ્રેસને થોડાક અંતર પછી રોકી દેવામાં આવી હતી. બનાવ બન્યા બાદ ટ્રેન સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. પ્રાથમિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ તમામ શ્રદ્ધાળુઓ ટ્રેક ઉપર રાહ જોઈ રહ્યા હતા. માનસી જંકશન ઉપર ટ્રેનના આગામી રોકાણ પહેલાં ૧૦ કિલોમીટરના અંતરે ધમારા ઘાટ ખાતે આ બનાવ બન્યો હતો. ધમારા ઘાટ ભારત-નેપાળ સરહદ નજીક સ્થિત છે અને માતા કતયાની મંદિર માટે પ્રસિદ્ધ છે. દર વર્ષે અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. આજે શ્રાવણ મહિનાના સોમવારના કારણે શ્રદ્ધાળુઓનો ભારે ઘસારો હતો. રાજ્યરાની એક્સપ્રેસ ટ્રેન ધમારા ઘાટ ખાતે રોકાતી નથી તે બાબતથી ભોગબનેલા લોકો વાકેફ ન હતા અને ટ્રેક ઉપર એકત્ર થતાં જેથી આ બનાવ બન્યો હતો. રેલવે સ્ટાફને માર મારવાનો બનાવ પણ બન્યો છે.

## રૂપિયામાં થતા ઘટાડા અંગે અડવાણી પણ હવે ચિંતાતુર

નવી દિલ્હી,તા. ૧૯

ભાજપના વરિષ્ઠનેતા એલકે અડવાણીએ ડોલર સામે રૂપિયામાં થઈ રહેલા ઘટાડા અંગે આજે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યુ હતુ કે રૂપિયાને સ્થિર કરવા પગલા લેવામાં આવે તે જરૂરી છે. અડવાણીએ કહ્યુ હતુ કે ફ્રી માર્કેટ અર્થતંત્ર વાજબી છે પરંતુ ઘણા દુષણો રહેલા છે જેને દૂર કરવા માટે પગલા લેવામાં આવે તે જરૂરી છે. અડવાણીએ તેમના બ્લોગમાં જણાવ્યુ છે કે રૂપિયામાં ઘટાડાને રોકવા માટે પગલા જરૂરી છે. ભારતીય અર્થતંત્રના નબળા પાસાનેદૂર કવરામાં આવે તે અતિ જરૂરી છે. અડવાણીએ એમ પણ કહ્યુ છે કે તાજેતરના સમયમાં તમામ અખબારોમાં ડોલર સામે રૂપિયામાં ઘટાડા અંગેના અહેવાલો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ સપ્તાહમાં રૂપિયો લાઈફટાઈમ નીચે સપાટીએ પહોંચી ગયો છે. ડોલર સામે રૂપિયો ૬૩ની નીચી સપાટીએ પહોંચી ગયો છે. આવી જ રીતે શેર બજારમાં પણ ભારે અફડાતફડીની સ્થિતિ છે.

**ભારતીય સેના દ્વારા પણ જવાબી કાર્યવાહી**

## પુંચમાં પાકિસ્તાની સેના દ્વારા યુદ્ધવિરામનો ફરી ભંગ થયો

નવી દિલ્હી,તા. ૧૯

જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લામાં અંકુશરેખા પર હમીરપુર અને બાલાકોટે સરહદી પટ્ટા પર પાકિસ્તાની સૈનિકોએ ભારે ગોળીબાર કર્યો છે. યુદ્ધવિરામનો ભંગ યથાવતરીતે જારી રાખીને પાકિસ્તાની સૈનિકો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો છે. મોર્ટાર અને તોપમારો ચલાવવામાં આવ્યા બાદ ભારતીય જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. મેનધાર પટ્ટા અને માનકોટના



નાગરિક વિસ્તારોમાં પણ પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર કર્યો હતો. સંરક્ષણ પ્રવક્તા એસએન આચાર્યએ માહિતી આપતા કહ્યુ છેકે પુંચમાં અંકુશરેખા પર હમિરપુર અને માલાકોટે સરહદી વિસ્તારમાં પાકિસ્તાની સેના દ્વારા આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ લોકોએ મોર્ટાર, આરપીજી અને ઓટોમેટિક હથિયારો મારફતે ગોળીબાર કર્યો હતો. ભારતીય સૈનિકોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી જેના લીધે કલાકો સુધી ગોળીબાર જારી રહ્યો હતો. આજે સવાર સુધી આ ગોળીબાર જારી રહેતા સરહદ પર તંગદિલી રહી હતી. પાકિસ્તાની સૈનિકોએ મધ્યમ મોર્ટારના સેલનો ઉપયોગ કરીને નાગરિક વિસ્તારમાં પણ ગોળીબાર કર્યો હતો જેથી સરહદી વિસ્તારમાં રહેલા લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. છેલ્લા નવ દિવસના ગાળામાં પાકિસ્તાની સૈનિકો દ્વારા ૧૫ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે. પહેલી જાન્યુઆરીથી ૧૯મી ઓગસ્ટ વચ્ચેના ગાળામાં આ વર્ષે પાકિસ્તાની સૈનિકોએ ૭૧ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે જે ગયા વર્ષે આ જ ગાળા દરમિયાન કરવામાં આવેલા ગોળીબાર કરતા ૮૫ ટકા વધારે છે. પાકિસ્તાની સૈનિકોએ ક્રિષ્ણાઘાટી, બાલાકોટે અને હમિરપુર પટ્ટામાં અંકુશરેખા પર અગ્રીમ ચોકી પર ગોળીબાર કર્યો હતો. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાનના સૈનિકો ઉશ્કેરણીજનક સ્થિતિ ઉભી કરી રહ્યા છે.

## અયોધ્યા સંદર્ભે મુલાયમ દરમિયાનગીરી નહીં કરે

લખનૌ,તા. ૧૯

સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવ અયોધ્યા વિવાદમાં દરમિયનગીરી કરનાર નથી. આ પ્રકારના અહેવાલોને આજે રદિયો આપવામાં આવ્યો છે. મુલાયમસિંહ યાદવે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રતિનિધિ મંડળને ખાતરી આપી હતી કે અયોધ્યામાં રામ જન્મભૂમિસ્થળે વિવાદાસ્પદ બાબરી મસ્જિદ-રામમંદિરના સંદર્ભમાં યથા સ્થિતિને જાળવી રાખવામાં આવશે. વિશ્વ હિન્દુ પરિષદના કેટલાક નેતાઓ તાજેતરમાં જ મુલાયમસિંહને મળ્યા હતા. અશોક સિંઘલ સહિતના વિહિપના નેતાઓએ મુલાયમને મળ્યા બાદ દાવો કર્યો હતો કે મુલાયમસિંહ મુસ્લિમ નેતાઓ સાથે વાતચીત કરવા માટે રાજી થઈ ગયા છે અને આ મામલામાં મધ્યસ્થી કરશે. હિન્દુ અને મુસ્લિમો વચ્ચે મધ્યસ્થી કરવા માટે વિહિપ પ્રતિનિધિ મંડળે રજુઆત કરી હતી. દરમિયાન આજે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્ય જફર યાબ જિલાનીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે મુલાયમે તેમને કહ્યુ છે કે તેઓ યથા સ્થિતિની તરફેણમાં છે. મધ્યસ્થીની કોઈ પણ ભૂમિકા અદા કરનાર નથી. વિશ્વહિન્દુ પરિષદના પ્રતિનિધિ મંડળને પણ મુલાયમે ખાતરી આપી હતી કે સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટમાં છે જેથી સરકાર અથવા કોઈ પણ રાજકીય પક્ષ અથવા તો કોઈ પણ સંસ્થા આમાં દરમિયાનગીરી કરી શકે નહીં.

## સાધુ યાદવની કોંગ્રેસમાંથી અંતે હકાલપટ્ટી

નવી દિલ્હી,તા. ૧૯

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદીની પ્રશંસા સાધુ યાદવને ભારે પડી છે. સાધુ યાદવની કોંગ્રેસમાંથી હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવના સાળા સાધુ યાદવની કોંગ્રેસ પાર્ટીમાંથી હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. આરજેડી સાથે છેડો ફાડીને કોંગ્રેસ સાથે જોડાયેલા સાધુ યાદવે શુક્રવારના દિવસે ગુજરાતમાં આવીને નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી સાથે સાથે વડાપ્રધાન પદના ઉમેદવાર માટે નરેન્દ્ર મોદીને રાહુલ ગાંધી કરતા વધારે અસરકારક નેતા તરીકે ગણાવ્યા હતા. આની સાથે સાથે કોંગ્રેસને મુર્દાઘર તરીકે ગણાવીને કહ્યુ હતુ કે



સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની હિટલર સાથે સરખામણી કરી શકાય છે. પહેલાથી જ એમ માનવામાં આવી રહ્યુ હતુકે પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ કોંગ્રેસ સાધુ યાદવ સામે કઠોર કાર્યવાહી કરશે. નરેન્દ્ર મોદી સાથે વાતચીત કર્યા બાદ રાહુલ અને સોનિયા ગાંધીની સાધુ યાદવે જોરદાર ટિપ્પણી કરી હતી ત્યાર બાદથી જ એમ માનવામાં આવી રહ્યુ હતુ કે સાધુ યાદવની કોંગ્રેસ પાર્ટીમાંથી હકાલપટ્ટી કરાશે. મોદીનું સમર્થન કરીને સાધુ યાદવે કોંગ્રેસની સામે બળવાનું રણશિંગુ ફૂંકી દીધુ હતુ.

સાધુ યાદવના આક્રમક વલણને પણ કોગ્રેસે વધારે મહત્વ આપ્યુ ન હતુ અને કહ્યુ હતુ કે સાધુ યાદવ કોઈ મોટા નેતા નથી. બીજી બાજુ સાધુ યાદવ કાર્યવાહીને લઈને પહેલાથી જ તૈયાર હતા. તેમણે એમ પણ કહ્યુ હતુ કે તેમની ટિપ્પણી ખોટી નથી. કાર્યવાહીથી પણ ગભરાતા નથી. લાલુ યાદવના સાળા અને રાજ્યસભાના પૂર્વ સાંસદ સાધુ યાદવે આરજેડી સાથે પોતાની રાજકીય કેરિયર શરૂ કરી હતી. ૨૦૦૯માં લોકસભા ચૂંટણી પહેલા તેઓ કોંગ્રેસમાં સામેલ થયા થયા હતા. ૨૦૦૯માં સાધુ યાદવને કોંગ્રેસની ટિકિટ મળ્યા બાદ બેતિયામાંથી લોકસભાની ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. સાધુ યાદવે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કર્યા બાદથી તર્ક વિતર્કોનો દોર ચાલી રહ્યો હતો. રાજકીય વર્તુળોમાં પણ ખળભળાટ મચી ગયો હતો. એવી ચર્ચા હતી કે આવનાર દિવસોમાં નવા સમીકરણો રચાઈ શકે છે.

**વિચાર યાત્રા (પાના નં. ૪ નું ચાલુ)**

અરે, મારા હાથ છે જડભરત ને ઉપર આંગળીઓ અભણ, એક બે

હું જીવતો મનુષ્યો ગણું તો આ આખ્ખા નગરમાં મળે માંડ જમ એક-બે

ઉઝરડા ઉઝરડા અને લોહીલુહાણ આખ્ખા ય જીવતરના કારણ છે શું?

મેં ફૂટપાથ પર એક જોશીને પૂછ્યું તો એણે કહ્યું - કે સ્મરણ એક બે...

પરબ કઇ તરફ છે પરબ કઇ તરફ છે તરફથી હવે લોહી ફાટી પડે છે

નજરમાંથી રણ સ્હેજે ખસતું નથી ને આ હાથમાં છે ફક્ત ક્ષણ એક બે

મેં રસ્તાઓ બદલ્યા, મકાનો ય બદલ્યા ને બદલ્યા શહેરો ને ચહેરા

મરણની લગોલગ ગયો તે છતાંયે ન સાચા પડ્યા સ્વપ્ન પણ એક બે...

- ર.પા.

કવિઓની વાત રજૂ કરવાની કલા નિરાળી હોય છે... અહીં કવિ અશક્યતા, નિઃશ્વાસ, અને નિરાશાના મનોભાવ રજૂ કરીને કહે છે કે... આવડા મોટા સંસારમાં સ્નેહ ઝૂરાપો ભોગવતા મને આ ગોળ દુનિયામા એક પણ સ્નેહનો ખૂણો મળ્યો નથી...

રસ્તા બદલીએ, મકાન બદલીએ શહેર બદલીએ પરંતુ અભિગમ દૃષ્ટિકોણ ન બદલીએ તો સ્નેહના ઝાંઝવા જ હાથમાં આવે છે... છેવટે તો માછલાની સુગંધ માણવાની કલા જ વ્યક્તિ - વ્યક્તિ વચ્ચેની ખાઇ દૂર કરીને સેતુ બાંધવાની શરૂઆત કરે છે...

-jayoza@gmail.com

## લોકલ ટ્રેનમાં અમેરિકી મહિલા લૂંટનો શિકાર


મુંબઈ,તા. ૧૯

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં લોકલ ટ્રેનની અંદર એક અમેરિકન મહિલા પર વણ ઓળખાયેલા લોકોએ હુમલો કરી દીધો હતો. તેની પાસેથી મોબાઈલ અને અન્ય ચીજવસ્તુઓ લઈને આ શખ્સો ફરાર થઈ ગયા હતા. આ બનાવ ગઈકાલે મોડી સાંજે બન્યો હતો. ટ્રેન મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન તરફ આવી રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. વેસ્ટર્ન રેલવેના ડીસીપી બી સિરસતે માહિતી આપતા જણાવ્યું હતુ કે હુમલાખોરોએ આ મહિલા પર એકાએક ટ્રેનમાં હુમલો કરી લીધો હતો અને તેની પાસેથી આઈફોન અને અન્ય ચીજવસ્તુઓ આંચકી લીધી હતી. અન્ય યાત્રીઓએ આની નોંધ લીધી હતી. તેઓએ રેલવે અધિકારીઓને જાણ કરી હતી. રેલવે અધિકારીઓ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. અમેરિકી મહિલાને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાઈ હતી. મોટા ભાગે લૂંટના ઈરાદે હુમલા કરવામાં આવે છે.

## ડાયનાના મોતમાં બ્રિટનની આર્મીના જવાનનો હાથ છે

લંડન,તા. ૧૯

રાજકુમારી ડાયનાના મોતના મામલામાં નવો ગંભીર વળાંક આવ્યો છે. ડાયનાના કરુણ મોતના મામલામાં બ્રિટિશ આર્મીના એક જવાનનો હાથ છે તેવા અહેવાલ આવ્યા બાદ ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે. બ્રિટિશ સૈનાના એક શખસે ડાયાનાની હત્યા કરી હતી તેવા દાવાના મામલામાં સ્કોટલેન્ડયાર્ડ



દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. આ દાવામાં તપાસ કરવા માટે સ્કોટલેન્ડ યાર્ડના સૌથી સિનિયર અધિકારી સર બર્નાર્ડ હોગન હોવે દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે. અલબત્ત મેટ્રોપોલિટન પોલીસે આ બાબત ઉપર વધારે ભાર મૂક્યો છે કે પ્રિન્સેસ ઓફ વેલ્સ ડાયના, તેમના પ્રેમી ડોડીફયાદ અને ડ્રાઈવર હેનરી પોલની ૩૧મી ઓગસ્ટ ૧૯૯૭ના દિવસે એક કાર દુર્ઘટનામાં થયેલા મોતના મામલામાં નવેસરથી તપાસ કરવામાં આવી રહી નથી. શનિવારના દિવસે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જારી કરવામાં આવ્યું હતું કે મેટ્રોપોલીટન પોલીસ સર્વિસ મોતના મામલામાં મળેલી નવી માહિતીમાં તપાસ કરી રહી છે. બ્રિટિશ સેનાના એક શખસ દ્વારા ડાયનાની હત્યા કરી દેવામાં આવી હતી તેવા દાવાની વિશ્વસનીયતા ચકાસવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઓપરેશન પેગેટ હેઠળ ડાયનાના મોત સાથે સંકળાયેલા તમામ સિદ્ધાંતોમાં તપાસ કરવામાં આવી હતી. ૭મી એપ્રિલ ૨૦૦૮ના દિવસે જુરીએ ડાયાનાના મોતનું કારણ તેમની મર્સિડીઝ અને પીછો કરી રહેલી ગાડીનો લાપરવાહીપૂર્વક ચલાવવાના કારણે મોત બતાવ્યું હતું. ડિસેમ્બર ૨૦૦૬માં ઓપરેશન પેગેટે ૧૯૯૯ની એક ફ્રાન્સીસી તપાસ જેવું જ તારણ આપ્યું હતું જેમાં જણાવવામાં આવ્યું હતું કે ડાયનાના ડ્રાઈવર પોલ નસામાં હતો અને ખૂબ ઝડપથી કાર ચલાવી રહ્યો હતો. આગામી સપ્તાહમાં ડાયનાની ૧૬મી વરસી છે. ડાયનાની મર્સિડીઝ કાર પેરિસની એક સુરંગમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. મોત અંગે અનેક પ્રકારના મર્ડર ક્લેમ્પ કરવામાં આવ્યા છે પરંતુ બ્રિટિશ પોલીસે ક્યારેય પણ તપાસ કરી નથી.

## સમાચાર ઝલક

- ♥ રાજયસભા શાંતિપૂર્ણ રીતે ચાલે તે માટે સર્વપક્ષીય બેઠક બોલાવતાં રાજયસભાના અધ્યક્ષ હમીદ અન્સારી.
- ♥ બિહારમાં ગોઝારી રેલ્વે દુર્ઘટનામાં ૩૫ વ્યક્તિઓનાં મોત.
- ♥ ઉજ્જૈનમાં આજે મહાકાલેશ્વરમાં વહેલી સવારે ભસ્મ આરતીનો લાખો ભક્તોએ લાભ લીધો.
- ♥ રૂપિયો વધુ તૂટતા શેરબજારમાં ભારે કડાકો.
- ♥ દિલ્હીમાં એક જ રાતમાં ચાર વ્યક્તિઓની હત્યા.
- ♥ મુંબઇ રેલ્વેમાં અમેરિકન મહિલાને લૂંટી.
- ♥ જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપના આંચકા.
- ♥ ડીસામાં હોસ્પિટલમાં દર્દીનું મોત થતાં સગાઓએ હોબાળો મચાવ્યો.
- ♥ આજે ઇમ્પેક્ટ ફીની અરજીની મુદ્દતનો છેલ્લો દિવસ હતો.
- ♥ પાકિસ્તાન એલઓસી પર મોટું અટકાચાળું કરે તેવી ભીતી, ભારતીય સૈન્ય પણ જડબાતોડ જવાબ આપવા સજ્જ.
- ♥ તહેવારોમાં મીઠાઇમાં ભેળસેળ અંગે ઠેર ઠેર ફરિયાદો, વડોદરામાં આરોગ્ય તંત્રનાં દરોડા.
- ♥ દક્ષિણ ગુજરાતમાં ઉંમરપાડા વિસ્તારમાં લીલા દુષ્કાળ જેવી પરિસ્થિતિ.
- ♥ દૂરસંચારનો ઉપગ્રહ આજે છોડાયો.
- ♥ અંબાજીમાં રખડતા ઢોરોના ત્રાસથી એક માઇભક્તનું મોત.
- ♥ જામનગરમાં ખાણખનીજ કચેરીમાં જનતાએ ધારાસભ્ય સાથે દરોડો પાડ્યો.
- ♥ ઉત્તરપ્રદેશમાં પુરની વિકટ પરિસ્થિતિ, ૬ જિલ્લાઓ અને ૨૧૦૦ ગામો પુરની ચપેટમાં.